**<u>ક્રિ.પ.અ.નં.–૧૩૪/૨૦૨૫</u>**

**<u>માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૪૦૬૧૦/૨૦૨૪</u>**
**<u>(ગુન્હો:–બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબ)</u>**

**<u>આંક–૧ નો મુદામાલVIVO કંપનીનો T3X5G મોબાઈલનો વચગાળાનો કબજો પરત મેળવવાની અરજી લગત હુકમ</u>**

(૧) હાલની મુદ્દામાલ અરજી વંચાણે લીધી, સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા અરજદાર તરફે વિ.વશ્રીને સાંભળ્યા. અરજદાર તરફેના વિ.વ.શ્રીએ અરજીમાં જણાવેલ હકીકતો પરત્વે આ અદાલતનું ધ્યાન દોરી હાલની અરજી મંજુર કરી અરજીમાં જણાવેલ મુદ્દામાલ VIVO કંપનીનો T3X5G મોબાઈલ કે જેનો **IMEI NO. 863494071039797** છે. જે **<u>માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧ ૬૦૦૯૨૪૦૬૧૦/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબના</u>** ગુન્હાના કામે કબ્જે કરેલ છે, જે અરજદારને વચગાળાની કસ્ટડીમેળવવા માટે **બી.એન.એસ.એસ ની કલમ–૪૯૭** અન્વયે વચગાળા બોન્ડ ઉપર સોંપવા અરજ ગુજારેલ છે.

(૨) હાલની અરજી તથા તે સંબંધી અરજદારે આંક–૩ થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે, જે વંચાણે લેતાં અરજદારે હાલના કામે આંક–૩ થી દસ્તાવેજી પુરવા લીસ્ટ રજુ કરેલ છે. જેમાં નિશાની–૩/૧ થી મોબાઈલના બીલની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.નિ.૩/૨ થી આધારકાર્ડની જેરોક્ષ નકલ રજુ રાખેલ છે. તથા નિશાની ૩/૩થી એફ.આઈ.આર.ની ઓનલાઈન નકલ રજુ કરેલ છે.

જે ધ્યાને લેતા સદર મુદ્દામાલ અરજદારનો છે તે સ્પષ્ટ જણાઈ આવે છે ને વધુમાં જણાવેલ છે કે સદર મુદામાલ પોલીસ સ્ટેશનમાં બીન ઉપયોગી હાલતમાં પડયુ રહે તો મોબાઈલના બેટરી, સ્પેરપાર્ટર્સ, તથા અન્ય પાર્ટસને નુકશાન થાય તેમ છે અને સદરહુ મુદામાલ અરજદારના કનેકટીવીટીનું સાધન છે આથી યોગ્ય શરતે મુદામાલ છોડવા માટે અરજ કરેલ છે.

(૩) હાલની અરજી સંબંધે તપાસ કરનાર અમલદારને અભિપ્રાય માટે નોટીસ કાઢતાં આંક – ૦૪ થી ત.ક.અ.એ પોતાના અભિપ્રાય સાથે પંચનામું તથા મુદામાલ પાવતી રજુ કરેલ છે. સદર અભિપ્રાય તથા મુદામાલ પાવતી તથા પંચનામું વંચાણે લેતાં સદર મોબાઈલ બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબના ગુનાના કામે કબજે કરેલ છે અને પોલીસ અભિપ્રાય મુજબ ઉપરોકત મુદામાલ અરજદારને પરત સોંપવા સ્પષ્ટ અભિપ્રાય છે.

(૪) આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મુદામાલ અરજદાર નો છે અને સદર મુદામાલ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ અને અરજદારની માલીકી નો હોવાનું પ્રાથમિક તબકકે ફલીત થાય છે. આ કામે પોલીસ અભિપ્રાય વંચાણે લેતાં અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ મુદામાલ vivo કંપનીનો T3X5G મોબાઈલ **માણસા પો.સ્ટે.ગુ.ર.નં ૧૧૨૧૬૦૦૯૨૪૦૬૧૦/૨૦૨૪ બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબના** ગુનામાં આરોપી પાસેથી કબજે કરેલ

છે.સદર ઉપરોકત જણાવેલ મુદામાલ અત્રેની અદાલતને અરજદાર દ્વારા આંક–૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જેમાં નિશાની ૩/૧ થી મોબાઈલના બિલની નકલ,નિશાની ૩/૨ થી આધારકાર્ડની ઝેરોક્ષ નકલ, નિશાની ૩/૩ થી એફ.આઈ.આરની ઝેરોક્ષ નકલ, તથા આંક–૦૪ થી ત.ક.અ અમલદારનો અભિપ્રાય રજુ કરેલ છે. તે તમામ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતાં સદર મુદામાલ અરજદારનો છે તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. લાંબો સમય બંધ હાલતમાં પડી રહે તો બગડી જવાની સંભાવના રહેલ છે. આથી અરજદારની અરજીમાં જણાવેલ મુદામાલ VIVO કંપનીનો T3X5G મોબાઈલ અરજદારને સોપવામાં આવે તો ન્યાયોચીત જણાય આવે છે.તેવા સંજોગોમાં આ અદાલતને બી.એન.એસ.એસ.ક.૪૯૭ અન્વયે આપવામાં આવેલ સત્તા અરજદારની તરફેણમાં વાપરવી જોઈએ તેવું આ અદાલતને જણાઈ આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:હુકમ:–**

– અરજદારની અરજી આથી '' **મંજુર** '' કરવામાં આવે છે.

– **માણસા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૪૦૬૧૦/૨૦૨૪ બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબના** ગુનામાં આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદામાલ VIVO કંપનીનો T3X5G મોબાઈલ જેનો **IMEI NO. 863494071039797** છે. તે નીચેની શરતોને આધીન અરજદાર ને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

(૧) અરજદારે ઉપરોકત જણાવેલ મુદ્દામાલ ની દોઢી રકમના બોન્ડ જે–તે પો.સ્ટે.માં રજુ કરવાના રહેશે.

(૨) હાલના કેસનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી અરજદારને સદર ઉપરોકત મુદ્દામાલ કોઈને પણ વેચાણ, ગીરો, બક્ષિસ વિગેરે કરવું કે કરાવવા નહી કે સદર મુદામાલ ગાડીના રંગ રુપ કે દેખાવમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો કે કરાવવો નહી.

(૩) અરજદારે પો.સ્ટે. માંથી મુદ્દામાલ છોડાવતી વખતે પોતાનુ ધંધાનું તથા રહેણાંકનું કાયમી તથા હંગામી સરનામું પો.સ્ટે.માં એફીડેવીટથી જાહેર કરવું.

(૪) હાલના કેસમાં અરજદારે ઉપરોકત મુદ્દામાલ કેસની ટ્રાયલ ચાલતી વખતે કોર્ટ જયાં અને ત્યાં ફરમાવે તે રીતે રજુ કરવા પડશે.

હુકમની લગત પો.સ્ટે.ને તાત્કાલીક યાદી કરી જાણ કરવી.

હુકમ આજ રોજ તારીખ ૬ ઠી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા.૦૬/૦૬/૨૦૨૬**
**સ્થળ: માણસા**

(કુ.દામિની દીક્ષિત)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણસા
જી.જે.૦૧૬૯૮